# બનાસકાંઠાના પૂર્વ એસપી સંજીવ ભટ્ટની જામીન અરજી નામંજૂર

પાલનપુર, તા. ૯

અમદાવાદ સીઆઈડી ક્રાઈમે ત્રણ માસ અગાઉ બનાસકાંઠા જિલ્લાના તત્કાલિન એસપી સંજીવ ભટ્ટની અફિણના ખોટા કેસમાં ધરપકડ કરી હતી. જે બાદ પાલનપુર કોર્ટમાં ૫૬૦ પેજની ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં સંજીવ ભટ્ટે જામીન મેળવવા માટે એડીશનલ સેસન્સ કોર્ટમાં જામીન અરજી મુકી હતી. જે ગતરોજ કોર્ટે ફગાવી દીધી હતી. કોર્ટે જામીન અરજી ફગાવતાં સંજીવભટ્ટની મુસ્કેલીઓમાં વધારો થઈ શકે છે.



તસવીર : હરેશ જોષી

બનાસકાંઠાના પૂર્વ જિલ્લા પોલીસવડા અને લોકલ ક્રાઈમ બ્રાંચના પીઆઈ સામે ૨૨ વર્ષ અગાઉ રાજસ્થાનના પાલીના એડવોકેટ સુમેરમલ રાજપૂરોહિત દ્વારા પોતાની ઉપર ખોટો નારકોટીકસનો ગૂનો દાખલ કરાયો હોવાની ફરિયાદ હાઈકોર્ટમાં થઈ હતી. જેમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે બે માસ અગાઉ નિવૃત આઈપીએસ અધિકારી સંજીવભટ્ટ તેમજ તત્કાલિન એલસીબી પીઆઈની ધરપકડ કરી હતી. દરમિયાન અમદાવાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા તાજેતરમાં આઈપીએસ સંજીવ ભટ્ટ સામે પાલનપુરની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.

જેમાં જુદાજુદા ૪૫ લોકોના નિવેદનો લેવામાં આવ્યા હતા. ૫૬૦ પેજની ચાર્જશીટમાં સંજીવભટ્ટને મુખ્ય કાવતરાખોર તરીકે દર્શાવવામાં આવ્યા હતા તેમજ ગુનાહિત કાવતરામાં ઉપયોગમાં લેવાયેલુ ૧.૧૫ કિલોગ્રામ અફીણની સીઆઈડીની તપાસમાં પણ સંજીવ ભટ્ટનું જ નામ ખુલવા પામ્યું હતુ. દરમિયાન આ કેસમાં સંજીવભટ્ટ દ્વારા પાલનપુરની એડીશનલ સેસન્સ કોર્ટમાં ૫૦ ઉપરાંત મુદ્દાઓ સાથેની જામીન અરજી મુકવામાં આવી હતી. અરજી નંબર ૮૬૬/૨૦૧૮ની સુનાવણી શુક્રવારે હાથ ધરવામાં આવી હતી. જેમાં ન્યાયાધીશ એસ. ડી. બ્રહ્મભટ્ટે જામીન અરજી ફગાવી દીધી હતી. ઉલ્લેખનીય છે કે, સંજીવ ભટ્ટની જામીન અરજી નામંજુર થતાં તેમની મુસ્કેલીઓમાં વધારો થઈ શકે છે.

## રાજેન્દ્ર નગર ચોકડી નજીકથી વિદેશી દારૂ ઝડપ્યો

અરવલ્લી જીલ્લાની આંતરરાજય સરહદો પર થી પરપ્રાંતીય અને પ્રાંતીય બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે હોટ ફેવરેઈટ છે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે બુટલેગરો પર શખ્ત કાર્યવાહી ના આદેશના પગલે જીલ્લા પોલીસતંત્ર દ્વારા રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે બુટલેગરો એનકેન પ્રકારે વિદેશી દારૂ ઘુસાડવા મરણીયા બન્યા છે મોડાસા રૂરલ પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ પર થી "ON EXAM DUTY GOVT OF GUJARAT GS & HSEB GANDHINAGAR" નું સ્ટીકર લગાવી વિદેશી દારૂનું વહન કરતી કવોલિસ ગાડી માંથી ૫૪ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે.

# નવા નગર પાસે ટ્રેલર પાછળ કાર ઘુસી જતા પાછળ આવતું ટ્રેલર કાર પર ફરી વળ્યું : શિક્ષક દંપતીના ઘટના સ્થળે મોત

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર થી વિજાપુર માર્ગ પર રવિવારે સાંજે ટ્રેલર પાછળ સ્વીફ્ટ કાર ઘુસી અને પાછળ આવતું ટ્રેલર કાર પર ફરી વળતા શિક્ષક દંપતિનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.અકસ્માત અંગે હિંમતનગર રૂરલ પોલીસને જાણ થતાં પોલીસે ઘટના સ્થળે પહોંચી બંને મૃતદેહોને આજુબાજુના લોકોની મદદ થી બહાર કાઢી પીએમ માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.









તસવીર : મગનજી વણઝારા

આ અંગે હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ શૈલેષ ચૌધરીએ જણાવ્યું હતું કે હિંમતનગરના હાજીપૂર ગામના વતની અને વિજાપુર રહેતા શિક્ષક દંપતી હાજીપૂર ગામે લગ્ન પ્રસંગમાં હાજરી આપી પરત રવિવારે સાંજે વિજાપુર સ્વીફ્ટ કારમાં શિક્ષક દંપતી પરેશભાઈ હીરાભાઈ પટેલ ઉવ ૫૦ અને રીનાબેન પરેશભાઈ પટેલ ઉવ ૪૮ જઈ રહ્યા હતા દરમિયાન હિંમતનગરના નવાનગર પાસે આગળ જઈ રહેલા ટ્રેલર પાછળ કાર ઘુસી ગઈ હતી ત્યારે પાછળ આવતું ટ્રેલર કાર પર ફરી વળતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેને લઈને સ્વીફ્ટ કારના કુરચે કુરચા નીકળી હતા જેમાં બંને શિક્ષક દંપતી કારમાં દબાઈ ગયા હતા જેથી ઘટના સ્થળે મોત નિપજ્યા હતા.શિક્ષક દંપતી પરેશભાઈ પટેલ વિજાપુર ના પુંધરા અને રીનાબેન સરાજીનગર પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હતા.પોલીસે ઘટના સ્થળે પહોંચી બંને મૃતદેહોને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

# ધારેવાડા પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં બેના મોત

પાલનપુર, તા. ૯

પાલનપુર - અમદાવાદ હાઈવે ઉપર માર્ગ અકસ્માતમાં બે યુવકોના મોત નીપજ્યા હતા. ધારેવાડા નજીક ટ્રક અને કાર વચ્ચે ગોઝારો અકસ્માત થયો હતો. જેમાં કારમાં સવાર બન્ને વિપ્ર યુવકોના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. ધારેવાડા પાસે સર્જાયેલા અકસ્માતમાં ટ્રકની ટક્કરે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જેમાં નાવીસણા અને ટીંબાચૂડી ગામના બે યુવકો સાગર કિર્તીભાઈ જોષી અને ભરત અંબાલાલ રાવલનું મોત નિપજયું હતું. બન્ને સગા માસિયાઈ દિકરાઓના અકાળે અવસાન થતા વિપ્ર પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. દરમિયાન, પોલીસે મુર્તદેહોને પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુર હાઈવે પર યુવકને વાહનમાં બેસાડી મહેસાણાના મુસાફરને ગઠીયાઓ લૂંટી ગયા

પાલનપુર, તા. ૯

મહેસાણાથી ડીસા જઈ રહેલા યુવક પાસેથી પાલનપુરમાં વાહન ચાલક અને તેના સાગરીતે રૂપિયા ૪૫૦૦૦ની ચોરી કરી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. પાલનપુર એરોમા સર્કલ નજીક બનેલી આ ઘટના અંગે યુવકે પોલીસ મથકે જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની કથળતી જતી પરિસ્થિતિ વચ્ચે ચોરી, લૂંટ અને મારામારીના બનાવોનો ગ્રાફ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ચોર અને લૂંટારાઓને જાણે બનાસકાંઠા પોલીસનો સહેજ પણ ડર ના હોય તેમ એક પછી એક ચોરી અને લૂંટના બનાવોને અંજામ આપી રહયા છે ત્યારે મહેસાણાના યુવકને ગાડીમાં બેસાડી ત્રણથી ચાર યુવકો નજર ચુકવી રૂ.૪૫,૦૦૦ હજારની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ મહેસાણા ખાતે રહેતા નિતેશભાઈ બારોટ પોતાના કામકાજ અર્થે ડીસા જઈ રહ્યા હતા ત્યારે, પાલનપુર એરોમા સર્કલ પાસેથી ગાડીમાં બેઠા હતા. જેઓને પાલનપુરથી ૧ કિલોમીટરના અંતરે લઈ જઈ ગાડીના ચાલકે તેમને ગાડીમાં પાછળ બીજો યુવક આવતા જગ્યા કરવાનું કહ્યું હતું. જે બાદ ગાડીમાં જગ્યાન થતા ગાડી ચાલકે તેમને આગળ બેસવા માટે બોલાવ્યા હતા પરંતુ નિતેશભાઈ આગળ બેસવા માટે ગયા ત્યારે ગાડીના ચાલકે તેમને કીધું કે તમે પાછળ બીજી કોઈ ગાડી આવતી હોય તેમાં બેસી જાઓ ત્યારે નિતેશભાઈ પાછળની ગાડીમાં બેઠા હતા. જે દરમિયાન ખિસ્સુ ચેક કરતા રૂપિયા ૪૫૦૦૦ ચોરાઈ ગયા હોવાનું માલુમ પડ્યું હતુ. આ અંગે નિતેશભાઈએ પાલનપુર પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે.



# મોડાસાના નાંદીસણ ગામે શ્રમજીવી મહિલાના ઘરમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા આભ તૂટી પડ્યું

મોડાસા, તા.૯

અરવલ્લી જીલ્લામાં ફાયર ફાયટરની સુવિધા મોડાસા અને બાયડ નગરપાલિકા બેજ સ્થળે ઉપલબ્ધ હોવાથી આગ લાગે ત્યારે ફાયર ફાયટર સાથે ફાયરબ્રિગેડની ટીમ સમયસર પહોંચી ન શકતા ભારે નુકશાની ભોગવવાનો વારો ભોગ બનનારે ભોગવવો પડે છે મોડાસાના નાંદીસણ ગામે શ્રમજીવી મહિલા કાંતાબેન ભીખાભાઈ રાવળ ના કાચા મકાનમાં રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે શોર્ટ સર્કિટ થી આગ લાગતા તમામ ઘરવખરી આગમાં સ્વાહા થતા આભ તૂટી પડ્યું હતું મોડાસા ફાયડબ્રીગેડની ટીમને જાણ કરવા છતાં સમયસર ન પહોંચતા ગામ લોકોમાં ઉગ્ર રોષ જોવા મળ્યો હતો



તસવીર : મેહુલ જોષી

મોડાસાના નાંદીસણ ગામે ગામમાં રહેતા કાંતાબેન ભીખાભાઈ રાવળના કાચા મકાનમાં શનિવારે રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે શોર્ટ સર્કિટ થી આગ લાગતા મકાન કાચું હોવાથી લાકડાના લીધે જોતજોતામાં આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરતા ધુમાડા ના ગોટેગોટા બહાર આવતા પરિવારજનો ઘરની બહાર દોડી આવ્યા હતા આગ લાગતા ગામલોકો દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ કાબુમા લેવાનો પ્રયત્ન નિષ્ફળ રહેતા ઘરમાં રહેલો અનાજ, રાચ રચીલું, ફિક્ષ ડિપોઝિટના સર્ટિફિકેટ, કપડાં,સોના ચાંદીના દાગીના અને ઘાસચારો સહીત તમામ માલસામાન આગમાં સ્વાહા થતા પરિવાર નિરાધાર બનતા ગમગીની છવાઈ હતી.

ગામ લોકોના જણાવ્યા અનુસાર મોડાસા ફાયરબ્રિગેડ ને જાણ કરવા છતાં સમયસર ન પહોંચતા ગામલોકોમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો ગામલોકોના જણાવ્યા અનુસાર ફાયર ફાયટર તાબડતોડ પહોંચ્યું હોત તો ઘરને આગમાં હોમાતું બચી શક્યું હોત.

# શામળાજી પોલીસે ફિલ્મીઢબે નેક્સા કારનો પીછો કરી ૧.૬૩ લાખનો વિદેશી દારૂ જપ્ત

શામળાજી, તા. ૯

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરાતા નેક્સા કાર ને અટકાવવા પ્રયત્ન કરતા પૂરઝડપે હંકારી નાસી છૂટવાનો પ્રયત્ન કરતા પી.એસ.આઈ.એમ.પી.ચૌહાણ તેમની ટીમે સરકારી જીપમાં પીછો કરતા કારનું ટાયર બ્રશ થતા કાર ચાલક રોડ બાજુ કાર મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ જતા પોલીસે કારમાં તલાસી લેતા કારમાંથી ૧૬૩૮૦૦નો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શનિવારે રાત્રીના સુમારે સઘન પેટ્રોલિંગ અને વાહનોનું ચેકીંગ હાથધરાતા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે આવી રહેલી નેક્સા કાર (ગાડી.નં.HR -16 -U -9232) ના ચાલકને અટકાવવો પ્રયત્ન કરતા ભગાડી મુકતા પોલીસે પીછો કરતા કારનું ટાયર બ્રશ થતા કારચાલક રોડ બાજુ મૂકી ફરાર થઈ જતા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ-૫૪૬ જપ્ત કરી કુલ ૪,૬૩,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર કારચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાહતા.

# મોડાસાની જીવન જ્યોત સોસાયટીના પ્રવેશ દ્વારે રોડ પર રઝળતા ગરનાળાથી સ્થાનિક નાગરિકોમાં આક્રોશ

## વર્ષ દહાડે નગરજનો પાસેથી લાખો રૂપિયાના અલગ અલગ વેરો ઉઘરાવતી નગરપાલિકા દ્વારા આમ આદમીની પાયાની સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના મોડાસા ટાઉનના વોર્ડ નંબર-૨માં નગરપાલિકા વિસ્તારમાં આવેલ જીવન જ્યોત સોસાયટીમાં નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટર લાઈનની કામગીરી શરૂ કરી અધુરી છોડી દેવામાં આવ્યું છે જે છેલ્લા એક વર્ષ થી નગરપાલિકાની બેદરકારીના કારણે પરીપૂર્ણ કરવામાં આવ્યું નથી અને ભૂગર્ભ ગટર લાઈનની કામગીરી માટે લાવેલ ગરનાળા રઝળતી હાલતમાં રોડ ઉપર મુકી રાખવામાં આવ્યા છે જેને પગલે વોર્ડ નં - ૨ માં રહેતા અને આજુબાજુના વિસ્તાર ના સ્થાનિક રહિશો , રાહદારીઓ, વાહન ચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે જાહેર રસ્તામાં જ વંળાક પર ગરનાળુ રસ્તા ઉપર હોઈ આજદિન સુધી કેટલાક વાહનોનો નુકશાન થયું છે વિસ્તાર ના રહિશો દ્વારા નઘરોળ નગરપાલિકા તંત્ર ને અગાઉ વારંવાર લેખિત તથા મૌખિક રજુઆતો કરવામાં આવી હોવા છતાં વોર્ડ નંબર-૨ ના નગરપાલિકા સદસ્ય સહિત નગરપાલિકા તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં નહી આવતાં વિસ્તાર ના લોકો માં ભારોભાર રોષ પ્રવર્તી રહ્યો છે.



**સ્થાનિક રહિશ મહેન્દ્ર પંચાલ ના જણાવ્યાઅનુસાર વિસ્તાર ની સમસ્યા અંગે નગરપાલિકા તંત્ર સમક્ષ અનેક વાર રજુઆતો કરવા છતાંય આજદિન સુધી પરિણામ શૂન્ય છે જેથી હવે પ્રજાને કયો માર્ગ અપનાવવો તેની સુઝ પડતી નથી વારંવાર રજુઆત થી થાકેલા સોસાયટીના નગરજનોએ તેમની સમસ્યાનો સત્વરે ન્યાય નહિ મળે તો ગાંધી ચિધ્યા માર્ગે આદોલન કરવાની સોસાયટીના રહીશોને ફરજ પડશે.**

# મહેસાણામાં હિન્દૂ વિરાટ ધર્મસભા યોજાઈ

મહેસાણા, તા. ૯

મહેસાણામાં આજે મોઢેરા ચાર રસ્તા પાસે આજે વી.એચ.પી દ્વારા વિશાળ હિન્દૂ ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં રામમંદિર ત્યાં જ બનાવવું અને રહી જતું હોય તેમ મંદિર માટે સાંસદમાં ખરડો પસાર થાય તે માટે આવેદન અપાયું હતું તો સંતો મહંતોએ રામલાલની વાત કરી હતી.

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે અને વિવિધ સંગઠનો દ્વારા આગામી સમયમાં મતનું ધ્રુવીકરણ ન થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે ત્યારે આજે ભાજપ પેરિત કહી શકાય તેવી હિન્દૂ ધર્મસભાનું આયોજન મહેસાણામાં કરવામાં આવ્યું હતું જેમાં મહેસાણા જિલ્લાના સંતો સહિત મહંતો અને વી.એચ.પી. વિશ્વ હિન્દુ પરિસદ બજરંગદળ સહિત હિન્દૂ સંગઠનો દ્વારા સભા યોજવામાં આવી હતી. મહેસાણા ખાતે વીએચપી દ્વારા આ સમગ્ર ધર્મ સભા યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં વીએચપીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં હાજર હતા. રામ મંદિર બનાવવા સરકાર કાયદો લાવે તેવી માંગ આ ધર્મસભામાં કરાઈ હતી.

ધર્મસભામાં રામમંદિર મામલે ઠરાવો કરવામાં આવ્યો હતો. મંદિર માટે કાયદો બનાવાય તે માટે કેન્દ્ર સરકારને રજુઆત કરવાનો ઠરાવ સામુહિક કરવામાં આવ્યો હતો. મહેસાણા જિલ્લાના માનીતા મંદિરના મહંતો સહિત મહંતો સ્ટેજ પર હાજર હતા. ભાજપના ૩ પૂર્વ સાંસદ સહિત એક ધારાસભ્ય નીચે બેઠા હતા અને કાર્યક્રમ પત્યા બાદ સ્થાનિક સંસાદને આવેદન આપવામાં આવ્યું હતું.

## મંદિરમાંથી મહિલાનો અછોડો તોડી ગઠીયાઓ ફરાર

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના જબુગામ ખાતે આવેલા શ્રી દ્વારકાધીશ મંદિરમા સાંજના ૫.૩૦ કલાકના અરસામાં નિયમિત પણે દર્શન માટે આવતી બે મહિલાઓને ભોળવીને તેમના ગળામાંથી સોનાનો અછોડો અને આની રાયણ માળા કઢાવી બે અજાણ્યા ગઠિયાઓ બાઈક પર ફરાર થઈ ગયા હતા બનેલા આ બનાવને લઈ લોકોના ટોળા એકત્ર થયા હતા ત્યારે પોલીસને જાણ કરાતા બોડેલી પોલીસ પણ તુરત જ ઘટના સ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# મહેસાણા દુધસાગર ડેરી હોલ ખાતે ખોરાક અંગેની જાગૃતિ અંગેનો કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા. ૯

કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના એફ.એસ.એસ.એ. આઈ દ્વારા સમગ્ર ભારતમાં ખોરાક અંગેની જનજાગૃતિ માટે આયોજીત સ્વસ્થ ભારત યાત્રા-સાયકલ યાત્રાના બીજા દિવસે સવારે ખોરાક જાગૃતિ અંગેની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.જે રેલી શહેરના રાજમાર્ગો પર ફરી લોકોને આહાર બાબતે જાગૃત કર્યા હતા. આ ઉપરાંત બપોરે દુધ સાગર ડેરી હોલ ખાતે ઈટ રાઈટ ઈન્ડિયા મુવમેન્ટ અંગેની માહિતી આપતો કાર્યક્રમ સાંસદશ્રીના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો.





તસવીર : મેહુલ જોષી

## મોડાસાના યુવા ગ્રુપ દ્વારા મોબાઇલ યુગમાં વિસરાયેલી પરંપરાગત રમત-ગમત સ્પર્ધાનું આયોજન

મોડાસા શહેરમાં સોશયલ મીડિયા થકી ચાલતા યુવા ગ્રુપ દ્વારા મોબાઇલ યુગમાં મોબાઈલ પર માણસો પર હાવી થઈ ગયો છે અને બાળકોના માનસપટ પર પરંપરાગત રમતોના બદલે મોબાઈલ ગેમે કબ્જો જમાવી દીધો છે. બાળકોમાં બાળ સહજ મસ્તી અને રમતો રમવાને બદલે મોબાઈલ માં ઓનલાઈન ગેમ રમવામાં સતત વ્યસ્ત રહેતા બાળપણ સતત મોબાઈલ કેદ થતા પરંપરાગત રમતો નો દોર પાછો લાવવા લઘુમતી સમાજની સમાજની તમામ શાળાઓના બાળકો માટે શનિ-રવિવારે બે દિવસ માટે વિવિધ રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું અને બાળકોનો ઉત્સાહ વધારવા માટે દરેક રમતમાં વિજેતા પ્રથમ,દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનાર બાળકોને ઈનામ આપવામાં આવ્યું હતું તદઉપરાંત પરંપરાગત રમતો થી બાળકોનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહેતું હોવાની સાથે મિત્રતા ભાવના કેળવાતી હોવાની સમજ આપી હતી.